eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 332
July 05, 2013

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયા, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટેની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયા, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી સઘન કરવામાં આવેલ છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ટી.વી. કેબલ ઓપરેટરો અને બીજા ટેલીકોમ્યુનીકેશન ઓપરેટરોને સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર ચેતવણી

ટી.વી. કેબલ ઓપરેટરો અને બીજા ટેલીકોમ્યુનીકેશન ઓપરેટરો ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કે તેના નેટવર્કનો તેમના કેબલો લગાડવા માટે ઉપયોગ કરવામાં આવે છે. જે ગેરકાયદેસર છે અને જોખમરૂમ છે તેથી સદર બાબતને અનુલક્ષીને કેબલ ઓપરેટરોને નીચે મુજબ જાહેર ચેતવણી આપવામાં આવે છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં આરોગ્ય ઈજનેરી વિભાગની સંયુકત કામગીરી અભિયાન

પૂર્વ (વરાછા) ઝોનના કાપોદ્રા વિસ્તારમાં લક્ષ્મણનગર થી કાપોદ્રા ફાયર સ્ટેશન સુધીના મેઈન રોડ ઉપર પૂર્વ (વરાછા) ઝોનના આરોગ્ય વિભાગ અને ઈજનેરી વિભાગના સ્ટાફની સંયુકત કામગીરી આજરોજે તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ હાથ ધરવામાં આવેલ. જેમાં સદરહુ રોડ ઉપર સ્ક્રેપીંગ–બ્રસીંગની કામગીરી કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા નાં સા.વે.(અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુન ના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંર્તગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી

સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન સમાવિષ્ટ વિસ્તારમાં હાલની ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઈ હાથ ધરવામાં આવેલ મચ્છર જન્ય પરિસ્થિતીને નિયંત્રણ માટેની કામગીરી અંતર્ગત નવી સિવીલ હોસ્પિટલ કેમ્પસ ખાતે સા.વે.(અઠવા)ઝોન ના કુલ–૨૫ પ્રા.હે.વર્કર, ૩૦–બેલદાર અને ૪૦–સફાઈ કામદારો અને ૧ જે.સી.બી. મશીન, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પેટરસન સીટી, ન્યુ જર્સી, યુ.એસ.એ.ના મેયરશ્રી જેફરી જોન્સ તથા અન્ય સભ્યો સાથે સીસ્ટર સીટી સબંધે સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



પેટરસન સીટી, ન્યુ જર્સી, યુ.એસ.એ.ના મેયરશ્રી જેફરી જોન્સ, એરીક લોવે, કેન્યાતા સ્ટુઅર્ટ, ફર્નાન્ડો સોપોટ, પ્રેસીડન્ટ અને સી.ઈ.ઓ. જીએફએફપી/એફએમઆઈડી, કેનેડાના હેનરી મયુગા, ફીલીપીન્સના રોઝ મેરી બાસા તથા ઈન્ડિયાના ડો.શીવકુમાર પુજારી, શ્રી જયેશ કુમાર મોટવાની સહિતના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ સ્વચ્છતાં જાળવવા જનજાગૃતિ અભિયાન

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રીને સુરપવિઝન હેઠળ લિંબાયત ઝોનનાં આરોગ્ય સ્ટાફ ધ્વારા ઝોનમાં જુદાં જુદાં વિસ્તારમાં ન્યુસન્સ ફેલાવતાં ઈસમોની સ્થળ ઉપરની ન્યુસન્સ પ્રવૃત્તિ અટકાવી સુરત મહાનગરપાલિકાનાં સ્વચ્છતાં જાળવવાનાં પ્રયાસોમાં સહભાગી બનવા પ્રોત્સાહિત કરવા આજરોજ ફરી જનજાગૃતિ અભિયાન અમલમાં મુકવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) ખાતેનાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ નિબંધ સ્પર્ધા – કવીઝ સ્પર્ધાનું આયોજન

નોર્થ ઝોન (કતારગામ) ખાતેનાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ નિબંધ સ્પર્ધા – કવીઝ સ્પર્ધાનું આયોજન કોન્ફરન્સ હોલ, નોર્થઝોન (કતારગામ) કચેરી, ગોટાલાવાડી ખાતે કરવામાં આવેલ હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબ્બકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન

૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબ્બકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ. જે પૈકી તા.૦૫/૦૬/૨૦૧૩ થી તા.૨૯/૦૬/૨૦૧૩ સુધીમાં કુલ ૧૦૦૦૦ રોપાઓનું વૃક્ષારોપણ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "પૂ.શ્રી મોટા, હરિઃૐ આશ્રમ પ્રેસ્તિ અને સુરત મહાનગરપાલિકા સંચાલિત બાળતરણ સ્પર્ધા

પૂ.શ્રી મોટા, હરિઃૐ આશ્રમ પ્રેસ્તિ અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "બાળતરણ સ્પર્ધા" નું આયોજન તા.૦૩/૦૭/૨૦૧૩ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજન

૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 332
July 05, 2013



## સુરત શહેરના સ્લમ વિસ્તારમાં રહેતા બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટે અને તેઓની તંદુરસ્તમાં વધારો થાય તે હેતુથી બાળકોને અઠવાડીયામાં છ દિવસ ગરમ પૂરક પોષણ આહાર અક્ષયપાત્ર આપવા સુરત મહાનગરપાલિકાએ આજ રોજ શુભારંભ કાર્યક્રમ

સુરત શહેરના સ્લમ વિસ્તારમાં રહેતા બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટે અને તેઓની તંદુરસ્તમાં વધારો થાય તે હેતુથી સુરત શહેરની ૧૦૦૪ આંગણવાડી કેન્દ્રો ખાતે આવતા ૨૫૧૦૦ બાળકોને અઠવાડીયામાં છ દિવસ ગરમ પૂરક પોષણ આહાર...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) અને સીટી ઈજનેરશ્રી ની સુચના તથા સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ આરોગ્યના સંપુર્ણ જોખમ હોય તાત્કાલિક ધોરણે પીવાના પાણીના કનેકશનો કાપી નાંખવાની કામગીરી

આથી જણાવવાનું કે, ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) અને સીટી ઈજનેરશ્રી ની સુચના તથા સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૨ મિલકત નં.૧૯૫૭ પૈકી શંખેશ્વર કોમ્પલેક્ષ, મજુરા ગેટ, સુરત ખાતેની મિલકતમાં આરોગ્યલક્ષી જુદીજુદી ખામીઓ જેવી કે, દૈનિક ધોરણે સમગ્ર બિલ્ડીંગમાં સફાઈનો અભાવ, ગાર્બેજ નિકાલનો અભાવ,...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજન

૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત તા.૨/૭/૧૩ ના રોજ મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષસ્થાને મહિલા સંમેલન

સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત તા.૨/૭/૧૩ ના રોજ 'કોમ્યુનીટી હોલ', રૂસ્તમપુરા, સુરત ખાતે મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષસ્થાને મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય વિધિ સંપન્ન કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સા. વે. (અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે ઝુંબેશ આદરેલી

તા.૦૩/૦૭/૨૦૧૩ ના રોજ ઓપરેશન હેલ્થ કેરની કામગીરી દરમ્યાન મધતય પ્રભુ જનરલ હોસ્પિટલ એન્ડ બેન્કર્સ હાર્ટ ઈન્સ્ટિટયુટ દ્વારા બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનના વાહનોમાં કરતા હોવા સંદર્ભે સદર સંસ્થા પાસેથી રૂા.૧૨,૫૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## "પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત બાળતરણ સ્પર્ધા"

બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "બાળતરણ સ્પર્ધા"નું આયોજન તા.૦૩/૦૭/૨૦૧૩ને બુધવારના રોજ સવારે ૮. ૩૦ કલાકે વીર સાવરકાર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું....



વધુ માટે કલીક કરો >>>>>>



## નોર્થ ઝોન (કતારગામ) ખાતેનાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ નિબંધ સ્પર્ધા – કવીઝ સ્પર્ધાનું આયોજન

નોર્થ ઝોન (કતારગામ) ખાતેનાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ નિબંધ સ્પર્ધા – કવીઝ સ્પર્ધાનું આયોજન કોન્ફરન્સ હોલ, નોર્થઝોન (કતારગામ) કચેરી, ગોટાલાવાડી ખાતે કરવામાં આવેલ હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયા, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટેની કામગીરીઃ–

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયા, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી સઘન કરવામાં આવેલ છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટ્રીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી કરવામાં આવે છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા તા.૧ થી ૨૫ જૂન ૨૦૧૩ દરમ્યાન ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૧૨૮૧૩૭૭ ઘરોમાંથી કુલ ૮૦૦૯ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૩૦૮૩, એડીસ ૪૧૬૨, કયુલેકસ ૫૨, અને મીશ્ર ૭૧૨ બ્રિડીંગ મળેલ. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો ટેમીફોસ નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટીક (એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૩૯૯૨ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનાફીલીસ ૧૨૬૦, એડીસ ૨૫૭, કયુલેકસ ૧૭૭૨ અને મીશ્રી ૭૦૩ બ્રિડીંગ મળેલ. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદ્‌ભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો જેવા કે કેરબા, ડ્રમ, પીપ, અંડરગ્રાઉન્ડ/ગ્રાઉન્ડ/ઓવરહેડ ટેન્કમાં વધારે જોવા મળતું હોય, ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૫૭૯૩૬૪ કેરબા/ડ્રમ, ૩૧૧૩૬૦ પીપ, ૭૬૩૫૨ અંડરગ્રાઉન્ડ ટેન્ક, ૨૪૨૮૭ ગ્રાઉન્ડ ટેન્ક, ૩૧૬૮૫૭ ઓવરહેડ ટેન્ક ચેક કરવામાં આવી છે. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા નકામી પડતર વસ્તુઓ પૈકી કુલ ૪૪૨૭ ટાયરો, ૭૩૧ પીપ, ૧૯૬ કેરબા/ડ્રમ, ૩૨૯૬ માટલા, ૫૮૧૧ પ્લાસ્ટીક ડબ્બા અને ૧૪૦૪૨ અન્ય કન્ટેઈનર મળી કુલ ૨૮૫૦૩ કન્ટેઈનરોનો નાશ કરવામાં અવેલ છે. શહેરનાં ૬૦૮૮ બાંધકામ ચેક કરવામાં આવ્યા તેમ જ ૫૨૭૨ નોટિસો આપવામાં આવી અને ૯,૯૩,૬૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૨૧૧૬ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો ધ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૬૨ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો ધ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૧૩૬૫ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ, મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ, મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ, મેલેરિયાના રોગનો નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## ટી.વી. કેબલ ઓપરેટરો અને બીજા ટેલીકોમ્યુનીકેશન ઓપરેટરોને સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર ચેતવણીઃ–

ટી.વી. કેબલ ઓપરેટરો અને બીજા ટેલીકોમ્યુનીકેશન ઓપરેટરો ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કે તેના નેટવર્કનો તેમના કેબલો લગાડવા માટે ઉપયોગ કરવામાં આવે છે. જે ગેરકાયદેસર છે અને જોખમરૂમ છે તેથી સદર બાબતને અનુલક્ષીને કેબલ ઓપરેટરોને નીચે મુજબ જાહેર ચેતવણી આપવામાં આવે છે.

(૧) સુરત મહાનગરપાલિકાનાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કે નેટવર્ક ઉપર કેબલ લટકાવવાના કુત્યને કારણે સુરત મહાનગરપાલિકાનાં સ્ટ્રીટ લાઈટમાં વિજ વિક્ષેપ પડે છે. જેને કારણે વરાછા વિસ્તારની આમ જનતાને અગવડ પડે છે.

(૨) સુરત મહાનગરપાલિકાનાં સ્ટ્રીટ લાઈટનાં થાંભલા કે નેટવર્ક ઉપર ટી.વી. કે ટેલીકોમ્યુનીકેશન કેબલો લઈ જવા કે લટકાવવા એ સુરત મહાનગરપાલિકાનાં નેટવર્કમાં થયેલ દબાણ છે. અને જે ગેરકાયદેસર છે તો તેમને સત્વરે થાંભલા પરથી દુર કરવા અન્યથા ટી.વી. અને ટેલીકોમ્યુનીકેશન કેબલ ઓપરેટરો ઉપર પોલીસ ફરીયાદ (F.I.R) કરવામાં આવશે.

(૩) ટી.વી. કે ટેલીકોમ્યુનીકેશન કેબલ ઓપરેટરો ઉપર આ પ્રકારનાં ગેરકાયદેસર કૃત્યો માટે કાયદાકીય પગલા લેવામાં આવશે તેમજ તેમના આ પ્રકારના કૃત્યને થયેલ કોઈપણ પ્રકારના અકસ્માત માટે વળતર ચુકવવા ટી.વી. તેમજ ટેલીકોમ્યુનીકેશન કેબલ ઓપરેટરોની જ જવાબદારી રહેશે.

TOP

## પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં આરોગ્ય ઈજનેરી વિભાગની સંયુકત કામગીરી અભિયાનઃ—

પૂર્વ (વરાછા) ઝોનના કાપોદ્રા વિસ્તારમાં લક્ષ્મણનગર થી કાપોદ્રા ફાયર સ્ટેશન સુધીના મેઈન રોડ ઉપર પૂર્વ (વરાછા) ઝોનના આરોગ્ય વિભાગ અને ઈજનેરી વિભાગના સ્ટાફની સંયુકત કામગીરી આજરોજે તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ હાથ ધરવામાં આવેલ. જેમાં સદરહુ રોડ ઉપર સ્ક્રેપીંગ—બ્રસીંગની કામગીરી કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. ઉપરાંત આ રોડ ઉપર પડેલ ખાડાઓને જે.એસ.બી.ની મદદથી પુરાવાની કામગીરી તથા સુઅર જેટીંગ મશીનની મદદથી ડ્રેનેજ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.

ઝોન વિસ્તારમાં આવા પ્રકારે આરોગ્ય વિભાગ અને ઈજનેરી વિભાગના સંયુકત અભિયાન હેઠળ પ્રથમ કામગીરી શરૂ કરેલ છે. વધુમાં, લક્ષ્મણનગર થી કાપોદ્રા ફાયર સ્ટેશન સુધીના મેઈન રોડ ઉપર જનતાને ગંદકી ન કરવા સમજ પાડી તેમજ આશરે ૧૮ દુકાનોને ગંદકી કરવા બદલ રૂા.૩,૦૦૦/— દંડ વસુલ કરવામાં આવેલ છે.

ઝોન વિસ્તારમાં આવા પ્રકારે આરોગ્ય વિભાગ અને ઈજનેરી વિભાગના સંયુકત કામગીરી અભિયાન હાથ ધરી ઝોન વિસ્તારમાં આવેલ મહત્વના રોડ પર સફાઈની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

TOP

## સુરત મહાનગરપાલિકા નાં સા.વે.(અઠવા) ઝોન ના વી.બી.ડી.સી. વિભાગમાં મોન્સુન ના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા'' વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદીઃ–

સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન સમાવિષ્ટ વિસ્તારમાં હાલની ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઈ હાથ ધરવામાં આવેલ મચ્છર જન્ય પરિસ્થિતીને નિયંત્રણ માટેની કામગીરી અંતર્ગત નવી સિવીલ હોસ્પિટલ કેમ્પસ ખાતે સા.વે.(અઠવા)ઝોન ના કુલ–૨૫ પ્રા.હે.વર્કર, ૩૦–બેલદાર અને ૪૦–સફાઈ કામદારો અને ૧ જે.સી.બી. મશીન, પ્રચાર વાન, ફોગીંગ મશીન, એમ.એલ.ઓઈલના પંપ સાથે ડે. કમિશનરશ્રી (હે એન્ડ હોસ્પિ.), ડે. કમિશનરશ્રી(અઠવા ઝોન) તથા આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ કામગીરીમાં ઈન્ટ્રા ડોમેસ્ટિક સર્વે દરમ્યાન નવી સિવીલ કેમ્પસમાં કુલઃ–૭૨૯ બ્રિડીંગ સ્પોટ પૈકી ૧૬ સ્થળે મચ્છરની ઉત્પત્તિ જોવા મળેલ જેનો સ્થળપર નિકાલ કરવામાં આવેલ અને કુલ :–૪૮ ના પાણીના ભરાવામાં એમ.એલ.ઓઈલનો છંટકાવ કરવામાં આવેલ તેમજ વિવિધ જગ્યાએ મેલેથીયોન પાઉડરનો છંટકાવ કરાવી સાફસફાઈની કામગીરી કરવામાં આવેલ તેમજ પ્રચાર વાન મારફતે સિવીલ કેમ્પસમાં મચ્છરની ઉત્પત્તિ ન થાય તે બાબતે પ્રચાર કરવામાં આવેલ અને પેમ્પલેટનું વિતરણ પણ કરવામાં આવેલ જે બાબતે સિવીલ હોસ્પિટલના ડીનશ્રી દિક્ષીત સાહેબના જણાવ્યા મુજબ સિવીલ હોસ્પિટલના કેમ્પસમાં મચ્છરની ઉત્પત્તિ જન્ય ક્ષતિઓ હોય તો તે બાબતે સિવીલ કેમ્પસમાં આ ખામીઓને નિવારવા માટે કુલઃ– ૫૦ કામદારો રાખવામાં આવેલ છે. જે આ કામ વખતો–વખત કામગીરી ચાલુ રાખી આ ખામીઓ સમય મર્યાદમાં દુર કરવા જણાવવામાં આવેલ.

વધુમાં જુન માસ ''મેલેરીયા વિરોધી માસ'' અંતર્ગત અઠવાઝોન વિસ્તારમાં ખુલ્લા પ્લોટ ધારકો અને બાંધકામ કરતા બિલ્ડર તેમજ મચ્છરની ઉત્પત્તિ ધરાવતા ઈસમો પાસે તા.૦૧/૦૬/૨૦૧૩ થી તા.૨૬/૦૬/૧૩ સુધીમાં કુલઃ–રૂા.૪,૧૯,૨૦૦/–(ચાર લાખ ઓગણીસ હજાર બસો પુરા) વહીવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ, તેમજ કુલ–૮૫ શાળાઓમાં ધુમ્રશેરની કામગીરી પણ કરાવવામાં આવેલ અને વિવિધ વિસ્તારો યુનિર્વસિટી કેમ્પસ, આઈ.ટી.આઈ. કેમ્પસ, એસ.વી.એન.આઈ.ટી. કેમ્પસ તેમજ નવા સમાવિષ્ટ વેસુ, ભરથાણાં, મગદલ્લા, ડુમસ વિસ્તારમાં થયેલ પાણીના ભરાવામાં જંતુનાશકદવાનો છંટકાવ કરવામાં આવેલ અને વિવિધ ફુવારાઓમાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવેલ છે. ચોમાસાની ઋતુ દરમ્યાન વિવિધ સોસા./એપાર્ટ. માં મચ્છરની ઉત્પત્તિ ન થાય તે માટેની પ્રમુખ/સેક્રેટરીશ્રીઓને અત્રેથી કુલ–૧૦૦૦ થી વધુ માર્ગદર્શીકા આપવામાં આવેલ આવી સોસા.ઓ માં વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા હાલમાં જનજાગૃતિ અભિયાન શરૂ કરવાનમાં આવેલ છે. જેમાં ખાસ કરીને લોકોએ ઘરમાં રાખવામાં આવેલ છે. જેમાં ખાસ કરીને લોકોએ ઘરમાં રાખવામાં આવેલ ટાયરો, માટલા, ભંગાર, ફુલછોડના કુંડાની ટ્રેમાં પાણી ભરાય અને મચ્છરની ઉત્પત્તિ થાય છે. તે બાબતે કુલઃ– ૮ સોાસા./એપાર્ટ વિસ્તારોમાં મચ્છરના જીવનચક્ર ના લાઈવ ડેમોસ્ટ્રેશન સામે જનજાગૃતિ આપવામાં આવેલ.

આગામી દિવસોમાં શૈક્ષણિક સંસ્થાઓમાં તેમજ આંગણવાડી, હોસ્પિટલ, અને સરકારી/અર્ધસરકારી સંસ્થાઓમાં પણ આ ઝુંબેશ થકી લોકોને મચ્છરની ઉત્પત્તિ અટકાયતી અંગેના લોકોમાં જાગૃતિ લાવવા વિવિધ બેનરો, રીક્ષા પ્રચાર વાન, પ્રચાર વાન ધ્વારા ઘનિષ્ઠ જનજાગૃતિ કરવા મે. કમિશનરશ્રી ધ્વારા મળતી અઠવાડીક મીટીંગમાં જણાવવામાં આવેલ છે મુજબ આગામી માસમાં જનજાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવશે જેમાં સૌ જાહેર જનતાએ સહકાર આપી સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ ધ્વારા આપવામાં આવેલ સલાહ/માર્ગદર્શન નો અમલ કરી સૌએ સહકાર આપવા અપીલ કરીએ છીએ.

TOP

## પેટરસન સીટી, ન્યુ જર્સી, યુ.એસ.એ.ના મેયરશ્રી જેફરી જોન્સ તથા અન્ય સભ્યો સાથે સીસ્ટર સીટી સબંધે સુરત મહાનગરપાલિકાની મુલાકાતેઃ–



પેટરસન સીટી, ન્યુ જર્સી, યુ.એસ.એ.ના મેયરશ્રી જેફરી જોન્સ, એરીક લોવે, કેન્યાતા સ્ટુઅર્ટ, ફર્નાન્ડો સોપોટ, પ્રેસીડન્ટ અને સી.ઈ.ઓ. જીએફએફપી/એફએમઆઈડી, કેનેડાના હેનરી મયુગા, ફીલીપીન્સના રોઝ મેરી બાસા તથા ઈન્ડિયાના ડો.શીવકુમાર પુજારી, શ્રી જયેશ કુમાર મોટવાની સહિતના ગ્રુપે સીસ્ટર સીટી સબંધે સુરત મહાનગરપાલિકાની આજરોજ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે નવા સ્થાયી સમિતિ રૂમમાં સાંજે ૩.૩૦ કલાકે એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાનાં કમિશનરશ્રીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ અને શહેરના વિવિધ પ્રકલ્પો જેવા કે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પાવર પ્લાન્ટ, વિન્ડ પાવર, સોલીડ વેસ્ટ પાવર, લીકવીડ વેસ્ટ પાવર, પ્રાથમિક શાળાઓ, હાઈસ્કુલ, મેડીકલ કોલેજ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, ડીઝની લેન્ડ ઓડિટોરિયમ,એમ્યુઝમેન્ટ પાર્ક, તથા સ્લમ ફ્રી સીટી માટે એલ.આઈ.જી. આવાસ યોજનાની સુવિધા બાબતની માહિતીથી માહિતગાર કર્યા હતા. તથા સુરત મહાનગરપાલિકાને વિશિષ્ટ સેવાઓ માટે એવોર્ડની પણ માહિતી આપી હતી.

આ પ્રસંગે મા. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા તથા મા. કમિશનરશ્રી એમ. કે. દાસે મેયરશ્રી જેફરી જોન્સનું પુષ્પગુચ્છ તથા મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવોનું સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રાજેશ દેસાઈએ એરીક લોવેનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. શાસક પક્ષના નેતાશ્રી રમેશ કે. લાઠીયાએ તથા વિવિધ સમિતિ અધ્યક્ષાશ્રીએ તેમજ વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ રાયકાએ ઉપસ્થિત મહાનુભવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. સુરત મહાનગરપાલિકાની કામગીરીથી પેટરસન સીટીના મેયરશ્રી તથા તેમની ટીમ પ્રભાવિત થઈ હતી.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયા તથા સઘન ચેમ્બર ઓફ કોમર્સના મહાનુભવો ઉપસ્થિત રહયા હતા.

TOP

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ સ્વચ્છતાં જાળવવા જનજાગૃતિ અભિયાનઃ–

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રીને સુરપવિઝન હેઠળ લિંબાયત ઝોનનાં આરોગ્ય સ્ટાફ ધ્વારા ઝોનમાં જુદાં જુદાં વિસ્તારમાં ન્યુસન્સ ફેલાવતાં ઈસમોની સ્થળ ઉપરની ન્યુસન્સ પ્રવૃત્તિ અટકાવી સુરત મહાનગરપાલિકાનાં સ્વચ્છતાં જાળવવાનાં પ્રયાસોમાં સહભાગી બનવા પ્રોત્સાહિત કરવા આજરોજ ફરી જનજાગૃતિ અભિયાન અમલમાં મુકવામાં આવેલ હતું.

સાઉથ ઈસ્ટ લિંબાયત ઝોનની જુદી જુદી વિભાગીય કચેરીનાં કાર્યક્ષેત્રમાં આવેલ મુખ્યમાર્ગ જેવાં કે, મારૂતિ નગર રોડ, નિલગીરી સર્કલ, મંગલપાંડે ભવન, ગોડાદરા દેવધ રોડ, મહારાણા પ્રતાપ રોડ, ડીંડોલી નવાગામ, મિલેનીયમ પાર્કરોડ, ડીંડોલી રેલ્વે બ્રીજ વિસ્તાર ઉપર આવેલ જુદી જુદી ખાદ્ય–અખાદ્ય સંસ્થાઓ તેમજ જુદાં–જુદાં ધંધો કરતી આવેલ સંસ્થાની સામે તેમનાં દ્રારા નાંખવામાં આવેલ ધંધાકીય કચરો, કાગળ, પ્લાસ્ટીક, ગંદુપાણી વહેવડાવી ગંદકી કરતાં તમામ સંસ્થાનાં કુલ ૧૭૫ માલિકોનાં સ્થળ ઉપર સહકાર મેળવી સાફ–સફાઈ કરાવી સફાઈ કરાવ્યા બાદ કચરો એકત્રિત કરી ઢાંકણવાળા ડસ્ટબીનમાં જ રાખવા માટે સુચનાઓ આપવામાં આવેલ છે.

દરેક સંસ્થાના માલિકોને ધંધાકીય કચરો, કાગળ, પ્લાસ્ટીક સરિયામ રસ્તા ઉપર ન નાંખી સુરત શહેરની સ્વચ્છતા રાખવા માટે સહકાર આપવા માટેની સમજ આપવામાં આવેલ છે.

આ કામગીરી દરમ્યાન અંદાજિત ઉપરોકત વિસ્તારમાં આશરે ૧૭૫ સંસ્થા પૈકીની ગંદકી કરતી સંસ્થાનાં કુલ ૧૩૬ દુકાન ધારકોની પાસેથી રૂા.૪૪,૬૦૦/– નો વહીવટ ખર્ચ વસુલાત તથા ૧૫ કિલોગ્રામ અખાદ્ય પદાર્થ નાશ કરી કુલ ૨૭ સંસ્થાઓને નોટીસો પાઠવવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) ખાતેનાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા  તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ નિબંધ સ્પર્ધા – કવીઝ સ્પર્ધાનું આયોજનઃ–

નોર્થ ઝોન (કતારગામ) ખાતેનાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ નિબંધ સ્પર્ધા – કવીઝ સ્પર્ધાનું આયોજન કોન્ફરન્સ હોલ, નોર્થઝોન (કતારગામ) કચેરી, ગોટાલાવાડી ખાતે કરવામાં આવેલ હતું. તમામ શાળાઓમાંથી નિબંધ સ્પર્ધામાં કુલ ૨૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમે કસ્તુરબા વિદ્યાલયની વિદ્યાર્થીની વરીયા અગ્રતા રજનીશકુમાર, બીજા ક્રમે કે એન્ડ એમ પી માધ્યમિક શાળાના વિદ્યાર્થી પટેલ સ્મિત હરેશકુમાર તથા ત્રીજા ક્રમે શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલનાં વિદ્યાર્થી ભડિયાદરા મીત રાજેશભાઈ આવેલ હતા. તમામ શાળાઓમાંથી કવીઝ સ્પર્ધામાં કુલ–૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમે પ્રજ્ઞા માધ્યમિક શાળાનાં વિદ્યાર્થી પટેલ હેત યોગેશકુમાર, બીજા ક્રમે કે એન્ડ એમ પી. માધ્યમિક શાળાના વિદ્યાર્થી પટેલ નિકુંજ જીતેન્દ્રભાઈ તથા ત્રીજા ક્રમે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલના વિદ્યાર્થી ગજેરા હર્ષિત વિનોદભાઈ આવેલ હતા.

સદર સ્પર્ધાના વિજેતાઓના ઈનામ વિતરણ સમારોહ કોન્ફરસ હોલ નોર્થઝોન (કતારગામ), ગોટાલાવાડી ખાતે રાખેલ હતો. નોર્થઝોન (કતારગામ) ના આસી. જંતુનાશક અધિકારી શ્રીમતિ ડો. ગાયત્રીબેન આર. જરીવાલા તથા વી.બી.ડી.સી. વિભગાનાં કર્મચારી શ્રી પી.એમ.દેસાઈ, શ્રી એ. જે. પ્રજાપતિ, શ્રી વાય. ઝેડ. પટેલ, શ્રી સુનિલ આહિર, શ્રી એસ.એ. મહેતા, શ્રી આર. ડી. આહિર, શ્રી વી. એમ. નાયી, શ્રી દિપક પ્રજાપતિ તથા અન્ય સ્ટાફ ધ્વારા આ સ્પર્ધાનાં વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ હતા. વિદ્યાર્થીઓને મચ્છરજન્ય રોગો વિશે વિસ્તૃત માહિતી તેમજ રોગ અટકાયતના પગલા વિશે સમજણ આપવામાં આવેલ છે. તમામ વિદ્યાર્થીઓને તેમના ઘરની ટાંકીઓ, અગાશીમાં રાખવામાં આવેલ પડતર સામાન, ડ્રમ/કેરબા તપાસવામાં કહેવામાં આવ્યું. તેમજ માતા–પિતાને તે બાબતે સમજાવા માટે કહેવામાં આવ્યું. સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ શાળાઓનાં શિક્ષકો, વાલીગણ હાજર રહેલ હતા. અને કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

TOP

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબ્બકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજનઃ–

૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબ્બકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ. જે પૈકી તા.૦૫/૦૬/૨૦૧૩ થી તા.૨૯/૦૬/૨૦૧૩ સુધીમાં કુલ ૧૦૦૦૦ રોપાઓનું વૃક્ષારોપણ શહેરના જુદા–જુદા વિસ્તારમાં રોડ ડિવાઈડર, રોડ સાઈડ, બાગબગીચાઓ, ડ્રેનેજ એસ.ટી.પી. તથા વોટર વર્કસની ખુલ્લી જગ્યામાં સફળતા પૂર્વક કરવામાં આવેલ છે. તેમજ શહેરના વૃક્ષારોપણ માટે કુલ ૮૨૨૦ રોપાઓનું વિનામૂલ્યે રોપા વિતરણ મારફત વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ છે. આમ તા.૨૯/૦૬/૨૦૧૩ સુધીમાં કુલ ૧૮૦૨૦ રોપાઓનું સફળતા પૂર્વક વૃક્ષારોપણ કરવામાં આવેલ છે. જેમાં વિવિધ પ્રકારના છાયાવૃક્ષો જેવાકે ગુલમહોર, કાઈજેલીયા, આસોપાલવ, પેલ્ટોફોરમ, કેસીયો, કોર્ડીયા, પારીજાત, મહોગની, દેશી લીમડો, બોરસલ્લી, કચનાર, પામ ટ્રી, વિગેરે જેવા વૃક્ષોનો સમાવેશ થાય છે.

સુરત શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં ખાનગી રહેણાંક સોસાયટીમાં આવેલ ખુલ્લા પ્લોટ/ કોમન પ્લોટ તેમજ રસ્તાઓની ફરતે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે હેતુથી તા.૦૧/૦૭/૧૩ થી તા.૦૮/૦૭/૧૩ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે ઈલેકશન વોર્ડના મ્યુ. સભ્યશ્રીઓ, નગરજનો તથા વૃક્ષાપ્રેમીઓ સાથે કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

ચોમાસા દરમ્યાન વૃક્ષારોપણ આયોજનની ટુંકી વિગત નીચે મુજબ છે.

પ્રાથમિક તબકકામાં વૃક્ષારોપણ આયોજનની વિગત : વર્ષ ૨૦૧૩–૧૪

| અ.નં. | જવાબદાર ઝોન /ખાતા | સ્થળ | વૃક્ષારોપણ લક્ષ્યાંક સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સેન્ટ્રલ | શહેર વિકાસ ખાતાના સ્ટાફ મારફતે રીઝર્વ પ્લોટમાં વૃક્ષારોપણ તેમજ જુદા જુદા વોર્ડ ઓફિસ થી નગરજનોને વિનામૂલ્યે રોપા વિતરણ. | ૨,૦૦૦ |
| ૨. | વેસ્ટ | | ૫,૦૦૦ |
| ૩. | સાઉથ વેસ્ટ | | ૫,૦૦૦ |
| ૪. | સાઉથ | | ૫,૦૦૦ |
| ૫. | સાઉથ ઈસ્ટ | | ૫,૦૦૦ |
| ૬. | ઈસ્ટ | | ૫,૦૦૦ |
| ૭. | નોર્થ | | ૫,૦૦૦ |
| ૮. | હાઈડ્રોલીક | વોટર વર્કસ અને જળવિતરણ મથકોમાં આવેલ ખુલ્લી જગ્યામાં | ૧૦,૦૦૦ |
| ૯. | ડ્રેનેજ | એસ.ટી.પી.અને પમ્પીંગ સ્ટેશનોમાં આવેલ ખુલ્લી જગ્યામાં | ૧૦,૦૦૦ |
| ૧૦. | સલ્મ અપગ્રેડેશન સેલ | તમામ ઈડબલ્યુએસ આવાસોમાં રોડ સાઈડ તેમજ ખુલ્લી જગ્યામાં | ૧૦,૦૦૦ |
| ૧૧. | આરોગ્ય વિભાગ | તમામ આરોગ્ય કેન્દ્રમાં આવેલ ખુલ્લી જગ્યામાં | ૨,૫૦૦ |
| ૧૨. | ગાર્ડન વિભાગ | • શહેર હદ વિસ્તારમાં રોડ સાઈડ, રોડ ડીવાઈડર, હયાત તેમજ નવા તૈયાર થનાર બાગોમાં તથા વિના મૂલ્ય રોપા વિતરણનો અઠવાડીક કાર્યક્રમનું આયોજન દરેક ઝોનમાં જુદા–જુદા મુખ્ય ઉદ્યાનોમાં કરવું.<br>• શહેરમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં મ્યુ. સભ્યશ્રીઓ/ નગરજનો મારફત વૃક્ષારોપણ અને વિનમૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમ (તા.૦૧/૦૭/૧૩ થી તા.૦૮/૦૭/૧૩ સુધી) | ૩૫,૫૦૦ |
| | કુલ લક્ષ્યાંક | | ૧,૦૦,૦૦૦ |

TOP

## ''પૂ.શ્રી મોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત બાળતરણ સ્પર્ધાઃ–

પૂ.શ્રી મોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''બાળતરણ સ્પર્ધા'' નું આયોજન તા.૦૩/૦૭/૨૦૧૩ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા બાળતરણવીરોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજનઃ–

૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ.

સુરત શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં ખાનગી રહેણાંક સોસાયટીમાં આવેલ ખુલ્લા પ્લોટ /કોમન પ્લોટ તેમજ રસ્તાઓની ફરતે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે હેતુથી તા.૦૧/૦૭/૨૦૧૩ થી તા.૦૮/૦૭/૨૦૧૩ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે ઈલેકશન વોર્ડના મ્યુ. સભ્યશ્રીઓ, નગરજનો તથા વૃક્ષપ્રેમીઓ સાથે કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આજ તા.૦૧/૦૭/૧૩ ના રોજ નીચે જણાવેલ વિગતો મુજબ જે તે ઝોન વિસ્તારના ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

| ઝોન/વોર્ડ નં. | હાજર રહેલ કોર્પોરેટરનું નામ | પ્લાન્ટેશન વિસ્તાર | વિના મૂલ્યે રોપા વિતરણ સંખ્યા | પ્લાન્ટેશન રોપા સંખ્યા | કુલ રોપા સંખ્યા |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ<br>વોર્ડ નં.૧૩ | કાર્યકરશ્રી ઐયુબભાઈ | સૈયદપુરા મેઈન રોડ સાઈડ,<br>સૈયદપુરા થી ભાગળ જતો રોડ | 143 | 68 | 211 |
| વેસ્ટ<br>વોર્ડ નં.૧ | શ્રીમતિ લક્ષ્મીબેન રાંદેરીયા | ટી.પી. ૧૪ પાલ ગેલેક્ષી સર્કલથી હજીરા રોડ તથા વોર્ડ નં.૧ | 505 | 175 | 680 |
| સાઉથ વેસ્ટ<br>વોર્ડ નં.૩૨ | શ્રી હિતેન્દ્રભાઈ ગામીત,<br>શ્રી કિશોરભાઈ બિંદલ | કારગીલ ચોકથી કઅદયત કોલેજ તરફ રાહુલરાજ થી વેસુ વી.આઈ.પી. રોડ ડી. | 417 | 100 | 517 |
| નોર્થ<br>વોર્ડ નં.૨ | શ્રી વિજયભાઈ રમણભાઈ પટેલ,<br>શ્રી ધનજીભાઈ અમરાભાઈ ચાવડા,<br>શ્રી કનુભાઈ બારોટ કાર્યકર્તા | કોસાડ પમ્પીંગ સ્ટેશન | 800 | 124 | 924 |
| સાઉથ<br>વોર્ડ નં.૩૦ | શ્રીમતી લક્ષ્મીબેન રમેશચંદ્ર ચોપારે તથા કાર્યકર્તાઓ | સપ્તશૃંગીથી ઝાંસીકી રાણી બાગ સુધી રોડ સાઈડ | 250 | 60 | 310 |
| સાઉથ ઈસ્ટ<br>વોર્ડ નં.૨૬ | શ્રી અનિલભાઈ ચૌહાણ,<br>શ્રી જયેશભાઈ મહેન્દ્રભાઈ જરીવાલ,<br>શ્રીમતિ દિપિકાબેન સોલંકી | આજણા ભાઠેના રોડ સોસા. વિસ્તાર | 920 | 80 | 1000 |
| ઈસ્ટ<br>વોર્ડ નં.૩ | શ્રી પ્રફુલ પાનસેરીયા,<br>શ્રીમતિ રંજનબેન વકેરીયા તથા કાર્યકર્તાઓ | સીમાડા ગામથી પોલીસ સ્ટેશન તરફના રોડ ડી. | 788 | 75 | 863 |
| કુલ (તા.૦૧/૦૭/૨૦૧૩ ના રોજ) | | | **3823** | **682** | **4505** |
| તા.૩૦/૦૬/૨૦૧૩ સુધીમાં થયેલ પ્લાન્ટેશનની વ્ગત | | | | | 18020 |
| આજદિન સુધી થયેલ કુલ પ્લાન્ટેશન | | | | | **22525** |

TOP

## સુરત શહેરના સ્લમ વિસ્તારમાં રહેતા બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટે અને તેઓની તંદુરસ્તમાં વધારો થાય તે હેતુથી બાળકોને અઠવાડીયામાં છ દિવસ ગરમ પૂરક પોષણ આહાર અક્ષયપાત્ર આપવા સુરત મહાનગરપાલિકાએ આજ રોજ શુભારંભ કાર્યક્રમઃ–






સુરત શહેરના સ્લમ વિસ્તારમાં રહેતા બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટે અને તેઓની તંદુરસ્તમાં વધારો થાય તે હેતુથી સુરત શહેરની ૧૦૦૪ આંગણવાડી કેન્દ્રો ખાતે આવતા ૨૫૧૦૦ બાળકોને અઠવાડીયામાં છ દિવસ ગરમ પૂરક પોષણ આહાર અક્ષયપાત્ર સંસ્થા ધ્વારા આપવા સુરત મહાનગરપાલિકાએ આજ રોજ શુભારંભ કાર્યક્રમ આંગણવાડી કેન્દ્ર નં. NZ-100 કોસાડ આવાસ એચ ૧ બ્લોક ખાતે મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાની અધ્યક્ષતા હેઠળ રાખવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અન્ય મહાનુભાવોમાં હાજર રહેલ મા. સ્થાયી સમિતિ ચેરમેન શ્રી રાજેશભાઈ દેસાઈ, મા. ડે. મેયરશ્રી દયાશંકર સિંહ, મા. કમિશનરશ્રી એમ. કે. દાસ, મા. સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, સ્થાનિક મ્યુ. કોર્પોરેટરશ્રી ધનજીભાઈ ચાવડા, શ્રી વિજયભાઈ પટેલ, ડે. કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિ.), આર. જે. પટેલ, એડીશનલ સીટી ઈજનેરશ્રી ભરતભાઈ દલાલ તથા આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંત દેસાઈ હાજર રહી પ્રસંગને દિપાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત આંગણવાડી બહેનો ધ્વારા પ્રાર્થનાથી કરવામાં આવેલ ત્યારબાદ સ્વાગત પ્રવચન ડે. કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિ.) આર. જે. પટેલે કર્યું હતું. તેમણે સરકારશ્રી તથા મહાનગરપાલિકા ધ્વારા કુપોષણ નાબૂદી માટેની ઝુંબેશમાં લોકોને સાથ–સહકાર આપવા જણાવેલ. મા. સ્થાયી સમિતિ ચેરમેન શ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા માળખાકીય સુવિધાઓ પુરી પાડવાની સાથોસાથ ગરીબ વર્ગના નાના બાળકોનું પણ ચિંતન કરી રહી છે. અને એટલે જ સરકાર ધ્વારા આંગણવાડીમાં જમવાના એક બાળકના રૂા.૧.૩૦ આપવા ઉપરાંત મહાનગરપાલિકા બાળક દિઠ દૈનિક રૂા.૧.૭૫ ખર્ચ કરવાની છે. આમ કુલ રૂા.૩.૦૫ એક બાળક દિઠ દૈનિક ખર્ચ પૂરક–પોષણ માટે સુરત મહાનગરપાલિકા કરવાની છે.

મા. કમિશનરશ્રીએ જણાવ્યું કે આંગણવાડીના બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર સુરત શહેરમાં પુરતો પુરક પોષણ આહાર મળી રહેવો જોઈએ, બાળકોનું સચોટ વજન થાય તે માટે ૧૦૫૦ ડીજીટલ વજનકાંટા રૂા.૧.૪૫ કરોડના ખર્ચે સુરત મહાનગરપાલિકા પોતાના સ્વભંડોળમાંથી ખરીદવાની છે તેમજ આ વર્ષે ૩૦૦ આંગણવાડીના પાકા મકાન બનાવવાનો લક્ષ સુરત મહાનગરપાલિકા ધ્વારા રાખવમાં આવેલ છે. આમ સુરત મહાનગરપાલિકા તેના તમામ પ્રયાસો ગરીબ વર્ગમાંથી આવતા આ બાળકોના વિકાસ માટે કરી રહી છે. તેમણે આંગણવાડી કેન્દ્રો ખાતે વધુમાં વધુ બાળકો આવે અને આંગણવાડીની સેવાઓનો લાભ લે તે તકેદારી લેવા આંગણવાડી કાર્યકર બહેનોને જણાવ્યું.

મા. મેયરશ્રીએ તેમના પ્રવચનમાં જણાવેલ કે બાળકો તેમના માતા–પિતાના છત્રછાયામાંથી બહાર આવ્યા બાદ સૌ પ્રથમ આંગણવાડી કેન્દ્રોમાં પગ મુકતા હોય છે. ત્યારે કાર્યકર બહેનોએ તેમના માતા–પિતા બની આ બાળકોને પોતાના હોય એ રીતે તેમની કાળજી અને દરકાર લેવાની છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા ગરીબ વર્ગના બાળકોને પૂરક–પોષણ આહાર આપી તેમજ આંગણવાડીના મકાનો બનાવી લેવામાં આવતી કાળજીની પ્રશંસા કરી હતી.

અક્ષયપાત્ર સંસ્થાના પ્રતિનિધિશ્રી ભાગ્યવાન શેટ્ટીએ જણાવ્યું કે અક્ષયપાત્ર સંસ્થા દેશના ૧૭ રાજયોમાં કાર્યરત છે. ગુજરાતમાં ગાંધીનગર વડોદરા સુરત ખાતે આ સંસ્થા કાર્યરત છે. હાલ સુરત શહેરની નગર પ્રાથમિક શાળાઓમાં ભણતા ૭૫૦૦૦ બાળકોને નાસ્તો પૂરી પાડી રહયા છીએ ત્યારે આ શહેરના વધુ ૨૫૦૦૦ બાળકોને આહાર આપવાનું સદભાગ્ય તેમને સાંપડયું હોવાનું જણાવ્યું.

અંતમાં ડે. મેયરશ્રી દયાશંકર સિંહે સૌ મહાનુભાવો કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો તે બદલ આભાર માન્યો.

**TOP**

## ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) અને સીટી ઈજનેરશ્રી ની સુચના તથા સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ આરોગ્યના સંપુર્ણ જોખમ હોય તાત્કાલિક ધોરણે પીવાના પાણીના કનેકશનો કાપી નાંખવાની કામગીરીઃ–

આથી જણાવવાનું કે, ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) અને સીટી ઈજનેરશ્રી ની સુચના તથા સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૨ મિલકત નં.૧૯૫૭ પૈકી શંખેશ્વર કોમ્પલેક્ષ, મજુરા ગેટ, સુરત ખાતેની મિલકતમાં આરોગ્યલક્ષી જુદીજુદી ખામીઓ જેવી કે, દૈનિક ધોરણે સમગ્ર બિલ્ડીંગમાં સફાઈનો અભાવ, ગાર્બેજ નિકાલનો અભાવ, વપરાશના પાણીની ટાંકીઓમાં પાણીનો ઓવરફલો તથા વરસાદી પાણીની ગટરોમાં પાણીનો ભરાવો અને તેને કારણે મચ્છરોની ઉત્પત્તિ તથા અન્ય જુદી જુદી ખામીઓ બાબતે સદર મિલકતના બિલ્ડરશ્રી વિજયભાઈ સી. શાહ તથા અન્ય વહીવટકર્તા/પ્રમુખ/સેક્રેટરીને અત્રેથી વારંવાર લેખિતમાં નોટીસો આપવા છતાં તેઓ તરફથી નિષ્ક્રીયતા દર્શાવી કોઈપણ પ્રકારની ખામીઓ દુરસ્ત કરેલ નથી. સદર મિલકતમાં કુલ–૦૮ રહેણાંક બહુમાળી બિલ્ડીંગો આવેલા છે તથા સદર કોમ્પલેક્ષમાં જુદાજુદા ધંધાકીય એકમો દવાખાના, લેબોરેટરી, હોસ્પિટલો વિગેરે આવેલ છે. આમ સદર મિલકતમાં રહેતા રહીશો તથા મિલકતમાં આવતા અને ઈન્ડોર પેસેન્ટ તરીકે દાખલ તથા પેસન્ટોના આરોગ્યના સંપુર્ણ જોખમ હોય તાત્કાલિક ધોરણે આજરોજ સેન્ટ્રલ ઝોન તરફથી ૧/૨' ના ૧૪ કનેકશનો, ૧' ના ૦૨ કનેકશનો તથા ૧–૧/૨' ના ૦૮ કનેકશનો કુલ મળી ૨૪ પીવાના પાણીના કનેકશનો કાપી નાંખવામાં આવેલા છે તથા ઝોનના વી.બી.ડી.સી. વિભાગ તરફથી પ્રાઈમરી હેલ્થ વર્કરોની ટીમ ઉતારી સર્વે કરી જુદીજુદી જગ્યાએ મચ્છરની ઉત્પત્તિના સ્થાનો શોધી કાઢી કુલ ૦૯ નોટીસો પાઠવવામાં આવેલ છે તથા આરોગ્યમાં દર્શાવવામાં આવતી બેદરકારી બદલ કુલ–૦૪ ફરીયાદ મ્યુ. કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. પ્રોફેશનલ ટેક્ષ, મ્યુ. વેરાબીલ, મંજુરી વગરની દુકાનો, ગુમાસ્તાધારા નોંધણી નિયમોના અમલીકરણ, પ્લાન વિરૂધ્ધના બાંધકામો, મંજુરી વગરના ડ્રેનેજ કનેકશન વિગેરે બાબતે પણ ચેકીંગ હાથ ધરવામાં આવનાર છે.

TOP

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજનઃ–

૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ.

સુરત શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં ખાનગી રહેણાંક સોસાયટીમાં આવેલ ખુલ્લા પ્લોટ /કોમન પ્લોટ તેમજ રસ્તાઓની ફરતે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે હેતુથી તા.૦૧/૦૭/૨૦૧૩ થી તા.૦૮/૦૭/૨૦૧૩ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે ઈલેકશન વોર્ડના મ્યુ. સભ્યશ્રીઓ, નગરજનો તથા વૃક્ષપ્રેમીઓ સાથે કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આજ તા.૦૨/૦૭/૧૩ ના રોજ નીચે જણાવેલ વિગતો મુજબ જે તે ઝોન વિસ્તારના ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

પ્રાથમિક તબકકામાં વૃક્ષારોપણ આયોજનની વિગત : વષર્ ૨૦૧૩–૧૪

| ઝોન/વોર્ડ નં. | હાજર રહેલ કોર્પોરેટરનું નામ | પ્લાન્ટેશન વિસ્તાર | વિના મૂલ્યે રોપા વિતરણ સંખ્યા | પ્લાન્ટેશન રોપા સંખ્યા | કુલ રોપા સંખ્યા |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | શ્રીમતી સ્મિતાબેન પટેલ<br>શ્રી રમણભાઈ પરમાર<br>શ્રી મનોજકુમાર લોટવાલા | કતારગામ ઝોનથી લાલ દરવાજા તરફ જતા રોડ સાઈડ | 18 | 70 | 88 |
| રાંદેર | શ્રી જીગીશભાઈ દવે,<br>શ્રી અનિલભાઈ બિસ્કિટવાલા<br>શ્રીમતી જશુબેન રાઠોડ | વોર્ડ નં.૧૦ ગોરાટ હનુમાન મંદિર રો. સા., | 150 | 60 | 210 |
| અઠવા | શ્રીમતી કલ્પનાબેન અટોદરી<br>શ્રી બળવંતભાઈ પટેલ | અલથાણ વી.આઈ.પી. રોડ થી ભીમરાડ પેટ્રલપંપ તરફ રો.ડી., ભીમરાડ પેટ્રોલપંપથી ન્યુ સીટીલાઈટ વી.આઈ.પી. રોડ | 125 | 257 | 382 |
| કતારગામ | – | અમરોલી સમયદાન પ્લોટમાં, સીંગણપોર રોડ ડિવાઈડરમાં | - | 100 | 100 |
| ઉધના | શ્રી અરવિંદભાઈ મારૂ તથા કાર્યકર્તાઓ | ઝોન ઓફિસથી સપ્તશૃંગી મંદિર, ખટોદરા સ્કૂલ નં.૪૦,૪૧,<br>ખટોદરા સ્કૂલ નં.૧૦,૧૧,૧૨ અંબાનગર | 150 | 95 | 245 |
| લીંબાયત | શ્રીમતિ રશ્મિકાંત દશરથ પટેલ<br>શ્રી અક્રમભાઈ અંન્સારી તથા કાર્યકર્તાઓ | ડુંભાલ ટેનામેન્ટ પો પ્રાથમિક સ્કૂલના પરિસરમાં | 947 | 53 | 1000 |
| વરાછા | શ્રીમતી મીનાબેન હિંગુ<br>શ્રી અશ્રીવંદભાઈ ગોયાણી<br>શ્રી બાબુભાઈ ધનજીભાઈ<br>શ્રીમતિ જયોતિબુન કોઠિયા<br>શ્રી કિશોરભાઈ કાનાણી<br>શ્રી કાંતિભાઈ બલર | મમતાપાર્ક સોસા. દિવાલ ફરત., કોહીનુર સોસા. પાસે સાર્વજનિક સ્કૂલમાં, પુષ્પક સોસા. ની વાડીમાં ત્રણ પાનના વડ પાસે, ઉમીયા નગર સોસા. સભ્યશ્રીના ઘરે. | 855 | 55 | 910 |
| કુલ (તા.૦૨/૦૭/૨૦૧૩ ના રોજ) | | | **2245** | **690** | **2935** |
| તા.૦૧/૦૭/૨૦૧૩ સુધીમાં થયેલ પ્લાન્ટેશનની વિગત | | | - | - | 22525 |
| આજદિન સુધી થયેલ કુલ પ્લાન્ટેશન | | | - | - | **25460** |

TOP

## સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત તા.૨/૭/૧૩ ના રોજ મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષસ્થાને મહિલા સંમેલનઃ–

સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત તા.૨/૭/૧૩ ના રોજ 'કોમ્યુનીટી હોલ', રૂસ્તમપુરા, સુરત ખાતે મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષસ્થાને મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય વિધિ સંપન્ન કરવામાં આવેલ. આ સંમેલનમાં સેન્ટ્રલ ઝોન, રાંદેર–અડાજણ ઝોન અને અઠવા ઝોનના વિવિધ સખી મંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. સમારંભના અધ્યક્ષશ્રી મા. મેયરશ્રીએ મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત રચાયેલ સખી મંડળમાં ઉપસ્થિત બહેનોને સંબોધતા જણાવ્યું હતું કે ''આ યોજના ઉપરાંત સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી તથા સખી મંડળ ધ્વારા આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ કરી, આર્થિક રીતે પગભર થવા કટિબધ્ધ થવાનું છે, આ માટે સુરત મહાનગરપાલિકા તથા સરકારશ્રીનો તમને હંમેશા સાથ મળશે તેની હું ખાત્રી આપું છું, જેના ધ્વારા સુરત શહેરની ગરીબ બહેનો આર્થિક રીતે સ્વાયત થશે, તે તમારી સંગઠન શકિત જોતા જ ખાત્રી થાય છે. સુરત શહેરના વિકાસમાં બહેનો પણ એક મહત્વનો ભાગ ભજવે તેવી આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ તમારા થકી થાય તે માટે હું તમને અપીલ કરું છું.

આ પ્રસંગે ડેપ્યુટી મેયરશ્રી દયાશંકરસિંગે જણાવ્યું કે, ''આપ લોકો મિશન મંગલમ (અર્બન) યોજના થકી તમામ કુટુંબને તો આર્થિક રીતે સક્ષમ કરશો જ, સાથે તમારી સંગઠન શકિતનો લાભ સમાજની અન્ય જરૂરિયાતમંદ વ્યકિતને પણ આગળ વધવા પ્રેરીત કે તેવી કામગીરી કરવાની જવાબદારી પણ તમારે નિભાવવાની છે. જે તમે સફળતાપૂર્વક નિભાવશો, જેના થકી ગરીબ વર્ગની બહેનો પણ આર્થિક રીતે સક્ષમ બનશે''

સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યું કે, ''મહાનગરપાલિકાના યુસીડી વિભાગ ધ્વારા સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત રચાયેલ સખી મંડળમાં જોડાઈ બહેનો બચત કરે છે સાથે એ બચત ધ્વારા જુથ આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ કરી સ્વરોજગારી મેળવી પગભર થાય તે માટે બહેનોએ સરકારશ્રી સંચાલિત 'ઉમ્મીદ' તથા અન્ય રોજગાર/સ્વરોજગારલક્ષી તાલીમનો લાભ લઈ, પોતાના જુથને વધુ મજબુત કરી શકશે તથા જુથની એકતા પણ વધશે અને બહેનોને આગળ વધવાની પ્રેરણા મળશે.''

આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતાં ડે. કમિશનર શ્રી આર. જે. પટેલ યઈબઈકઈ એ સખી મંડળોની કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, ''બહેનો પોતાના જુથની સંગઠિત શકિત અને તાલીમ મેળવી પોતાના કુટુંબ તથા સમાજ માટે સીમાચિન્હરૂપ કાર્યો કરવા માટે સક્ષમ છે, તે માટે બહેનોએ સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી અને તેના મહત્તમ લાભ મેળવી પોતાના જુથ તથા અન્ય જરૂરીયાતમંદ બહેનોને તેનો લાભ અપાવી મદદરૂપ થવું જોઈએ. આ કામગીરી માટે સુરત તથા અન્ય જરૂરિયાતમંદ બહેનોને તેનો લાભ અપાવી મદદરૂપ થવું જોઈએ. આ કામગીરી માટે સુરત મહાનગરપાલિકા તેઓને મદદરૂપ થવા માટે જરૂરી તમામ પગલા લેવા માટે કટિબધ્ધ છે, તેમ જણાવ્યું હતું.

મિશન મંગલમ (અર્બન) યોજના હેઠળ સારી કામગીરી કરવા બદલ મહિલા સમાજ સંગઠકોને મા. મેયરશ્રી ધ્વારા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહિલા સંમેલનના વકતા તરીકે ડો. વિકાસબેને ખુબ સરળ ભાષામાં 'કુપોષણ તેમજ બાળઉછેર તેમજ સગર્ભા અને ધાત્રી માતાની સંભાળ' વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત ડી.આર.ડી.એ.ના ડીસ્ટ્રી. લાઈવલીહુડ મેનેજર, કુ. મયુરીબેન વાડીયાએ સખી મંડળો વિશે વિસ્તૃત ઉદાહરણ સહિત માહિતી આપતા હાજર બહેનોને જણાવ્યું કે, 'સખી મંડળોની બહેનોએ તાલીમ લઈ, સ્વરોજગાર ઉભો કરી પોતાના પરિવારને મદદરૂપ બની રહયા છે. આ ઉપરાંત તેઓને સખી મંડળોના હિસાબો, રજીસ્ટરો, મીટીંગો, અંગે પણ માહિતી આપી હતી. વુમન્સ વેલફેર ટ્રસ્ટના શ્રીમતી રશ્મિબેને જણાવ્યું કે, અમારા વિસ્તારના ઘણા બધા સખી મંડળો તાલીમ લઈ ધંધો રોજગાર પ્રવૃત્તિ કરે છે એ પ્રમાણે તમે પણ તાલીમ સાથે સ્વરોજગાર ઉભી કરી તમારી આર્થિક સ્થિતિને વધુ મજબુત કરી શકો તે માટે વિધિ ધંધા–રોજગાર અંગેની ઉદાહરણ સહિત વિસ્તૃત માહિતી આપી હતી.

વધુમાં સોનગઢ તાલુકાના સખી મંડળના શ્રીમતી સુમિત્રાબેન તથા શ્રીમતી કમળાબેન ઉપસ્થિત બહેનોને તેઓ ધ્વારા સોનગઢ તાલુકામાં કરવામાં આવતી સખી મંડળ અંતગર્તની વિવિધ પ્રવૃત્તિઓ તથા ધિરાણ અને બચત મંડળી વિશે વિગતવાર જાણકારી આપી હતી.

કાર્યક્રમમાં શાસક પક્ષના નેતાશ્રી રમેશભાઈ લાઠીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, મ્યુ. સદસ્ય શ્રી પિયુષભાઈ શિવશકિતવાળા, શ્રીમતી દક્ષાબેન જરીવાલા, કુ. પારૂલબેન ભારતી અને શ્રીમતી ઉર્મીલાબેન રાણા, તથા યુ.સી.ડી. વિભાગના પ્રોજેકટ ઓફિસરશ્રી આર.સી.પટેલ, ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર શ્રી પી. એમ. નાયક હાજર રહયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુસીડી વિભાગના ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર શ્રીમતી રક્ષાબેન પરમાર ઈન્વેસ્ટીગેટર શ્રીમતિ કવિતાબેન દેસાઈએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં યુસીડી વિભાગના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર શ્રી વી.સી.પરમાર, શ્રીમતી કલ્પનાબેન દેસાઈ, તથા શ્રીમતી પુષ્પાબેન પરમાર તેમજ અન્ય કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરો તથા મહિલા સમાજ સંગઠકોએ જહેમત ઉઠાવી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકાના સા. વે. (અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ઓપરેશન હેલ્થ કેરની કામગીરીના સંદર્ભે ઝુંબેશ આદરેલીઃ–

તા.૦૩/૦૭/૨૦૧૩ ના રોજ ઓપરેશન હેલ્થ કેરની કામગીરી દરમ્યાન મધતય પ્રભુ જનરલ હોસ્પિટલ એન્ડ બેન્કર્સ હાર્ટ ઈન્સ્ટિટયુટ દ્વારા બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનના વાહનોમાં કરતા હોવા સંદર્ભે સદર સંસ્થા પાસેથી રૂા.૧૨,૫૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ. તેમજ રેસ પ્રાઈડ હોટલ પ્રા. લિ. ના કેન્ટીનનું આરોગ્યલક્ષી ચેકીંગ દરમ્યાન કેન્ટીન ગંદકી હોવા બાબતે સદર સંસ્થા પાસેથી રૂા.૧૦,૦૦૦/– વહીવટી વસૂલાત લેવામાં આવેલ છે. આમ, કુલ્લે રૂા.૨૨,૫૦૦/– વહીવટી વસૂલાત વસૂલી નોટીસ પાઠવવામાં આવેલ છે.

TOP

## ''પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત બાળતરણ સ્પર્ધા'':–





બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''બાળતરણ સ્પર્ધા''નું આયોજન તા.૦૩/૦૭/૨૦૧૩ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીર સાવરકાર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. બાળતરણ સ્પર્ધાનો શુભારંભ માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, અન્ય ઉપસ્થિત મહાનુભાવોએ લીલી ઝંડી ફરકાવી કરાવ્યો હતો. સ્પર્ધામાં છોકરાઓ અને છોકરીઓના ૯ થી ૧૧ વર્ષ અને ૧૧ થી ૧૩ વર્ષના વયગૃપ મળી ૪ ગૃપમાં ૧૨૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

**વયગૃપઃ– ૯ થી ૧૧ વર્ષ**

| ક્રમ | વિજેતાના નામ (છોકરાઓ) | વિજેતાના નામ (છોકરીઓ) |
|---|---|---|
| પ્રથમ | નિલય બકુલભાઈ કાનીરકર | નિયતિ પી. શાહ |
| દ્વિતીય | સારંગ રુદ્ર બકુલભાઈ | નાગપુરે સિલ્કી મુકેશભાઈ |
| તૃતીય | દેવાંશ મનિષ ચોકસી | મોનિષ્કા એન. કોરાને |
| આશ્વાસન | નાગપુરે કરન મુકેશભાઈ | અનુષ્કા પૃથલ દેસાઈ |
| | સારંગ તન્મય શશાંકભાઈ | |

**વયગૃપઃ– ૧૧ થી ૧૩ વર્ષ**

| ક્રમ | વિજેતાના નામ (છોકરાઓ) | વિજેતાના નામ (છોકરીઓ) |
|---|---|---|
| પ્રથમ | અલય અરૂણભાઈ ખરાડી | રાશિ નિહાર પટેલ |
| દ્વિતીય | ક્રિષ્ણા એમ. ઘડિયાળી | સારંગ ડોલ્ફી બકુલભાઈ |
| તૃતીય | શાહ દીપ દક્ષય | નાગપુરે મોનિકા મુકેશભાઈ |
| આશ્વાસન | ભાટીયા રીતિક કિશનભાઈ | કશીશ નિહાર પટેલ |
| | કલશ ડી. વીમાવાલા | |

બાળતરણ સ્પર્ધાના વિજેતાઓને માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ડે.મેયરશ્રી દયાશંકર સિંગ, માજી મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રીસન્મુખભાઈ જીનવાલા, શ્રી નવનીતભાઈ પટેલના હસ્તે રોકડ પુરસ્કાર, વિજેતા પ્રમાણપત્ર અને હરિઃૐ આશ્રમની ગીફટ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર, સ્મૃતિભેટ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓ તરફથી પ્રાર્થનાપોથી, કીચેઈન, પૂજય શ્રીમોટાનો ફોટો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## ૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવાનું આયોજનઃ—



૬૪ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હીરયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન હાલ પ્રાથમિક તબકકે અંદાજે ૧ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ.

સુરત શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં ખાનગી રહેણાંક સોસાયટીમાં આવેલ ખુલ્લા પ્લોટ /કોમન પ્લોટ તેમજ રસ્તાઓની ફરતે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે હેતુથી તા.૦૧/૦૭/૨૦૧૩ થી તા.૦૮/૦૭/૨૦૧૩ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે ઈલેકશન વોર્ડના મ્યુ. સભ્યશ્રીઓ, નગરજનો તથા વૃક્ષપ્રેમીઓ સાથે કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આજ તા.૦૩/૦૭/૧૩ ના રોજ નીચે જણાવેલ વિગતો મુજબ જે તે ઝોન વિસ્તારના ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

પ્રાથમિક તબકકામાં વૃક્ષારોપણ આયોજનની વિગત : વષર્ ૨૦૧૩—૧૪

| ઝોન/વોર્ડ નં. | હાજર રહેલ કોર્પોરેટરનું નામ | પ્લાન્ટેશન વિસ્તાર | વિના મૂલ્યે રોપા વિતરણ સંખ્યા | પ્લાન્ટેશન રોપા સંખ્યા | કુલ રોપા સંખ્યા |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | શ્રીમતી દક્ષાબેન ચંદ્રકાંતભાઈ<br>શ્રી જયંતિલાલ રમણલાલ તાણીયા<br>શ્રી રાકેશકુમાર ચંપકભાઈ માળી | ડી. કેમ. હોસ્પિટલ ની ફરત, પરિસરમાં તથા રો. સા. | 145 | 22 | 167 |
| રાંદેર | મેયરશ્રી , ડે. મેયરશ્રી, માજી મેયરશ્રી, કુ. પારૂલબેન નાગરભાઈ ભારતી, શ્રી મુકેશભાઈ ચંદ્રકાંત દલાલ | ટી.પી.૧૪ (પાલ) સોમચિંતામણી એપાર્ટમેન્ટની પાછળના ભાગમાં રોડ, સાઈડ | 105 | 60 | 165 |
| અઠવા | – | ભીમરાડ રો. ડિ., ભીમરાડ, કાકરાખાડી રો. ડિ. ભીમરાડ કાકરાખાડી રો. સા., | 150 | 146 | 296 |
| કતારગામ | કુ. સ્વાતિબેન મનુભાઈ સોસા<br>શ્રી ગોરધનભાઈ છગનભાઈ ગોપાણી<br>શ્રી યશોધર ઠાકોરભાઈ દેસાઈ | કરાડ રોડ કુષ્ણકુંજ સોસા. થી અક્ષરધામ સોસા. | 663 | 117 | 780 |
| ઉધના | – | સપ્તશૃંગી મંદિરથી ઉધના ઝોન ઓફિસ | - | 60 | 60 |
| લીંબાયત | સાંસદશ્રી, ધારાસભ્યશ્રી,<br>શ્રી ગેમરભાઈ હીરાભાઈ દેસાઈ | ધ્રુવ પાર્ક સોસા. ગોડાદરા | 797 | 203 | 1000 |
| વરાછા | શ્રીમતી મંજુલાબેન દિનેશચંદ્રસાવલિયા<br>શ્રી મુકેશભાઈ હિંમતભાઈ કોઠિયા<br>શ્રી રમેશભાઈ કુરજીભાઈ લાઠિયા | ફુલ માર્કેટ રો. ડિ., વિશાલનગર સોસા. ધરતીનગર રો. સા. | 600 | 120 | 720 |
| કુલ (તા.૦૩/૦૭/૨૦૧૩ ના રોજ) | | | **2460** | **728** | **3188** |
| તા.૦૨/૦૭/૨૦૧૩ સુધીમાં થયેલ પ્લાન્ટેશનની વિગત | | | - | - | 25460 |
| આજદિન સુધી થયેલ કુલ પ્લાન્ટેશન | | | - | - | **28648** |

TOP